વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદઆચાર્યદેવના
આચાર્યપદવીદિન માગશર વદ આઠમના (૦૪-૦૧-૨૪)
મંગલ અવસર પર તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન !!





“મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં”

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૦ : અંક–૩૧૩, વર્ષ–૨૬, જાન્યુઆરી–૨૦૨૪


**શ્રાવણ સુદ ૭, રવિવાર, તા.૨૪–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૧૦૦થી૧૦૩ પ્રવચન–૪૩**





સામાયિકસમતાભાવ કોને કહેવો? વાત આવી **'केवलि एम भणेइ'** આવ્યું છે ને? રાગ–દ્વેષનો પરિહાર (કરી) સમભાવને પ્રગટ કરે તેને સામાયિક પ્રગટરૂપે કેવળજ્ઞાની મહારાજ કહે છે. આત્મા જ્ઞાનનંદ સ્વરૂપ (છે) એવો જેને અંતર નિર્ણય અને ભાન થયું એને બીજા પ્રાણીઓ પ્રત્યે સમભાવ છે. સમજાણું? ધર્મી જીવની દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ કરતાં ઊલટી થઈ ગઈ છે.

અજ્ઞાની બીજાના કામ દેખીને આણે આનું કર્યું, આણે આમ કર્યું, આણે આનું બગાડ્યું, આનું આણે સુધાર્યું એમ માનીને અજ્ઞાની પોતે રાગ–દ્વેષ કરે છે. જ્ઞાની એમ જાણે છે કે કોઈ કોઈનું બગાડતું ને સુધારતું નથી. સૌ સૌની દશા પોતાના કર્મ અનુસાર સંયોગ–વિયોગ થાય છે. એને કારણે એને બીજા પ્રત્યે એને આણે આનું કર્યું માટે દ્વેષ થાય ને આનું સારું કર્યું માટે રાગ થાય, એવું કારણ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનમાં, શ્રદ્ધામાં રહેતું નથી. સમજાણું કાંઈ?

એથી અહીં છેલ્લે આમ કહ્યું 'તે જાણે છે કે સર્વ જીવોને સુખ દુઃખ અને તેમના જીવન–મરણ તેમના જ પોતાના કર્મોના ઉદય અનુસાર થાય છે. કર્મોના ઉદયને કોઈ મટાડી શકતું નથી.' એ 'બંધ અધિકાર'ની વાત લીધી છે. અહીં ધર્મી પોતાનાં આત્મસ્વભાવને જ્ઞાતા–દૃષ્ટા તરીકે કબુલતો, જાણતો, ઠરતો. સમજાણું કાંઈ? બીજા જીવના જીવન ને મરણ, સુખી–દુઃખીનાં સંયોગો, કોઈ બીજો કોઈને કરી શકે છે એમ જ્ઞાની માનતો નથી. જગતમાં અનેક કામો ચાલે છે એના પોતપોતાના અંતરંગ ઉપાદાન(ના) કારણે કાર્ય થાય છે.

મુમુક્ષુ : નિમિત્ત આવે તો થાય.

ઉત્તર : એ પ્રશ્ન જ ક્યાં છે? નિમિત્ત ક્યાં નથી?

એ વખતે પદાર્થમાં કાર્ય નથી તે વખતે નથી. અનાદિઅનંત પદાર્થમાં સમયે સમયે કાર્ય થાય છે.

મુમુક્ષુ : સારું નિમિત મળે તો કાર્ય થાય ને.

ઉત્તર : પ્રશ્ન જ ક્યાં એમાં સારાં–નરસાંનો આવ્યો?

વસ્તુ છ દ્રવ્ય... એમાં થોડું લખ્યું છે. પછી આગળ આવશે. જેમ આ સૂર્ય ઉગે છે એને કોઈ એમ વિચારે છે કે આ સૂર્ય ઝટ આથમી જાય તો ઠીક ને ઝટ ઉગે તો ઠીક, ઓછો સૂર્ય થાય તો ઠીક ને વધે તો ઠીક? એ તો એને કારણે ઉગે અને એને કારણે અસ્ત થાય છે. એમાં ઓછા–વત્તા કરવાપણાનું કારણ કોઈને વિકલ્પ આવતો નથી. એમ ધર્મી જીવને જગતનાં પદાર્થો તેના ક્રમે પરિણમતા પોતાની અવસ્થાના કાર્યને કરે ત્યારે બીજી ચીજ એ વખતે અનુકૂળ જે હોય તે હોય જ છે, એથી એને બીજામાં વિષમતા ઉત્પન્ન થતી નથી. તેમ મેં બીજાના કામ કરી દીધા એવો એને અહંકાર હોતો નથી, તેમ બીજાઓ મારા કામ કરી દે એવી એની માન્યતા નથી.

મુમુક્ષુ : કામ કરી દીધા ઈ જ અહંકાર.

ઉત્તર : અહંકાર હોતો નથી એનો અર્થ કે કરી શકતો નથી, માટે અહંકાર નથી. કોનાં કાર્ય કરે? ક્યું દ્રવ્ય નકામું છે? નકામું એટલે? એનાં કામમાં કાર્યની પર્યાય વિનાનું દ્રવ્ય **'पर्याय विजुत्तम दव्वम्'** પર્યાય વિનાનું દ્રવ્ય કહો કે કાર્ય વિનાનું દ્રવ્ય કહો, બે એક જ સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે? શાસ્ત્રકારની ભાષા છે કે **'पर्याय विजुत्तम दव्वम्'** અને **'द्रव्य विजुत्तम पर्याय'**. પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિનાની પર્યાય ન હોય. એનો અર્થ એ કે કાર્ય વિનાનું દ્રવ્ય ન હોય ને કારણ વિનાનું એ કાર્ય ન હોય. કારણ એટલે દ્રવ્ય. સમજાણું કાંઈ? આહાહા..!

છ દ્રવ્યનો જે વાસ્તવિક સ્વભાવ (છે) એનું કારણરૂપ દ્રવ્ય તો પોતે કારણ છે એના પર્યાયનું. સમયે સમયે કારણ એ ને પર્યાય તેનું કાર્ય. ક્યાં કાર્ય વિનાનું તે દ્રવ્ય છે? અને એ કાર્યનું એ કારણ દ્રવ્ય ક્યાં નથી? સંયોગી ચીજ હો તો હો ભલે, એની સાથે શું સંબંધ છે?

મુમુક્ષુ : કારણ-કાર્યની મિંમાસા...

ઉત્તર : એ જ કાર્ય કારણની મિંમાસા છે. સમજાણું કાંઈ?

એટલે અહીંયાં કહે છે, કોઈ કોઈને કોણ મારે? કોણ જીવાડે? કોણ આપે? કોને દે? કોને લે? એવી બધી ભ્રમણા અજ્ઞાનીને થાય છે કે આને આ દીધું ને આણે આને લીધું ને આને આમ કર્યું. એ જ્ઞાનીને થતું નથી. તેથી સહજપણે ધર્મીને એ જાતનાં પરનાં કારણ બનાવીને વિષમતા ભાવ ઉત્પન્ન થતો (હતો) એ થતો નથી. રવિવાર છે, રવિવાર છે એટલે વકીલ નવરા હોય.

અહીં તો કહે છે, આત્મા 'આવા સમભાવના ધારક જ્ઞાની ગૃહસ્થ સામાયિક શિક્ષાવ્રત અને મુનિ સામાયિક ચારિત્રના પાલક છે.' ગૃહસ્થાશ્રમમાં પણ પોતાના સમ્યગ્દર્શન ને જ્ઞાનનું ભાન છે એથી એને પર પ્રત્યેની વિષમતા ટળી ગઈ છે અથવા પોતાનાં જ્ઞાનમાં રાગાદિ કોઈ નબળાઈથી થાય તેને પોતાના સ્વભાવમાં એને ખતવતો નથી. સમજાણું કાંઈ? એ દાખલો આપ્યો છે. જુઓ!

'શ્રી સમયસાર કળશમાં કહ્યું છે :' છેલ્લો દાખલો. **'इति वस्तु स्वभावं स्वं ज्ञानी जानाति तेन सः'** 'બંધ અધિકાર'નો ૧૭૬મો કળશ છે. 'બંધ અધિકાર'નો ૧૭૬મો સળંગ.. સળંગ.. સળંગ ૧૭૬ (શ્લોક છે). **'रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः'** સમ્યગ્જ્ઞાની પોતાના જ્ઞાતા-દષ્ટાના સ્વભાવને જાણતો 'જ્ઞાની આવી રીતે સર્વ વસ્તુઓના સ્વભાવને...' બધી વસ્તુનાં સ્વભાવને અને 'પોતાની જાતને બરાબર જાણે છે...' બધા ચૈતન્ય પરમાત્મ સ્વરૂપ જ્ઞાતા છે એમ જાણે છે. રાગ-દ્વેષની વિષમતા હો તો તેને વ્યવહારથી તેમ જાણે છે. દ્રવ્ય તરીકે જગતના પરમાણુ આદિ સામાન્યરૂપે તેને જાણે છે. વ્યવહાર તરીકે તેનો પર્યાય તેનું કાર્ય છે તેમ તે પર્યાયને કાર્ય તરીકે વ્યવહારનય તરીકે જાણે છે. સમજાણું કાંઈ? એનું પર્યાયે કાર્ય વ્યવહારનયથી જાણે છે, એમ કહ્યું. ત્યાં ઈ પર્યાયનો

વ્યવહાર છે, નિશ્ચય એનું દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

પરમાણુઓ અનંત છે એનું સામાન્યપણું, ધ્રુવપણું તે તેનું દ્રવ્ય છે, નિશ્ચય છે. એનો પર્યાય તે સમયે સમયે (થાય છે) તે તેનો વ્યવહાર છે. એ વ્યવહાર. નિશ્ચય ને વ્યવહાર. પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ, નિશ્ચય વ્યવહાર વિનાનું હોય નહિ, દ્રવ્ય કાર્ય વિનાનું હોય નહિ, કાર્યને પોતાનું દ્રવ્ય કારણ નથી એવું દ્રવ્ય એને ન હોય એમ હોય નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

એવી સમતા થતાં 'પોતામાં રાગ-દ્વેષ ભાવ કરતા નથી,...' એટલે? રાગ-દ્વેષના વિકલ્પો જરી થાય પણ હું આત્મા જ્ઞાતા જ્ઞાનસ્વરૂપી શુદ્ધ સ્વભાવ (છું), એમ જાણતા એ રાગને પોતાના જ્ઞાન સ્વભાવમાં મેળવતો, ભેળવતો, ખતવતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આમ સમભાવ (છે). કો'ક લાકડી મારે તો સમભાવ (રાખવો), એમ સમભાવ નહિ. લ્યો! કોઈ લાકડી મારીને ક્ષમા રાખી. ઈ ક્ષમા નહિ.

મુમુક્ષુ : એક થપાટ મારે તો બીજી મારવા દેવી.

ઉત્તર : મારે ક્યાં? એ તો બધી ખ્રિસ્તીની વાતું. ઈસુ ખ્રિસ્ત કહે છે ને એક આમ મારે તો આમ માર, એ સમભાવ. એ સમભાવની વ્યાખ્યા જ નથી.

સમભાવની વ્યાખ્યા આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ અને પુણ્ય-પાપના વિકલ્પો એક પ્રકારના ઉઠે એ બધો એક જ પ્રકાર બંધભાવ છે. બેય વિષમભાવ છે, સ્વભાવ સમભાવ છે, એવો જ્યાં વિવેક થાય ત્યાં સમભાવ હોય, એને સમભાવ કહે છે. આમ ઓલા કહે, એક કોર તમે અહીં મારો, બીજી કોર અહીં મારો. ઈસુ ખ્રિસ્ત. એને ખબર જ નથી. મારે કોને ને સહન કરવું કોને? સમજાણું કાંઈ? જ્ઞાન ભગવાનઆત્મા પોતાના સમસ્વભાવી ચૈતન્ય રસને જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જાણતો, એમાં પુણ્ય-પાપના નબળાઈને લઈને થતાં રાગો એને સ્વભાવમાં ખતવતો નથી. બસ! એ અપેક્ષાએ તે રાગ-દ્વેષને કરતો નથી. સમજાય છે કાંઈ? એ સામાયિકની વાત થઈ. હવે છેદોપસ્થાપનાની (ગાથા છે).

### છેદોપસ્થાપના ચારિત્ર

**हिंसादिउ-परिहारु करि, जो अप्पा हु ढवेइ।**
**सो वियउ चारित्तु मुणि, जो पंचम-गइ णेइ।।१०१।।**

**હિંસાદિકના ત્યાગથી, આત્મસ્થિતિકર જેહ;**
**તે બીજું ચારિત્ર છે, પંચમ ગતિકર તેહ. ૧૦૧.**

અન્વયાર્થ : **(जो हिंसादिउ-परिहारु करि अप्पा हु उवेइ)** જે કોઈ હિંસા આદિ પાપોનો ત્યાગ કરીને આત્માને સ્થિર કરે છે **(सो वियउ चारित्तु मुणि)** તે બીજા ચારિત્રના ધારક છે એમ જાણો. **(जो पंचम-गइ णेइ)** આ ચારિત્ર જીવને પંચમગતિમાં લઈ જાય છે.

**हिंसादिउ-परिहारु करि, जो अप्पा हु ढवेइ।**
**सो वियउ चारित्तु मुणि, जो पंचम-गइ णेइ।१०१।**

જે કોઈ આત્મા હિંસા આદિ પાપના પરિણામના અભાવ-સ્વભાવ સ્વરૂપ આત્માને 'સ્થિર કરે છે...' **'अप्पा हु ढवेइ'** નાસ્તિ કરી. હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવનો અભાવ કરી, એ તો નાસ્તિથી વાત કરી, ભગવાન જ્ઞાયક સ્વરૂપમાં **'ढवेइ... ढवेइ'** 'છેદોપસ્થાપના' શબ્દ છે ને? ભાઈ! એથી એમાંથી એ શબ્દ કાઢ્યો. ઉપર 'સ્થાપ' શબ્દ છે ખરો ને? આહા..! એટલે અધ્યાત્મથી વાત કરી. છેદ ઉપસ્થિત. છેદવિકારનો છેદ કરી આત્મામાં સ્થાપવું તેને છેદોપસ્થાપના એવો અર્થ અહીં કર્યો છે. અધ્યાત્મ છે. પરિહારમાં એમ લેશે. યથાખ્યાતમાં એમ લેશે. સૂક્ષ્મ સંપ્રાય એ ખોટું છે. એ ચારિત્ર યથાખ્યાત છે. સૂક્ષ્મ સંપ્રાય લખ્યું છે એ સૂક્ષ્મ સંપ્રાય નથી, એ યથાખ્યાત છે. 'સૂક્ષ્મ' શબ્દ પડ્યો છે ને એટલે ભ્રમ પડી ગયો છે. સમજાણું? આવશે ગાથામાં.

અહીં કહે છે **'हिंसादिउ-परिहारु'** ભગવાનઆત્મા આનંદ સ્વરૂપના ભાનમાં, કાળમાં સ્વરૂપની સ્થિરતા આત્મામાં સ્થાપે છે ત્યારે એને હિંસા આદિ પરિણામોનો ત્યાં અભાવ થાય છે, અભાવ થઈને આત્મામાં આત્માને સ્થાપે છે તે **वियउ चारित्तु**. 'યોગીન્દ્રદેવ' એણે

છેદોપસ્થાપના કહેવા માગે છે. સમજાણું કાંઈ? નહિતર તો સામાયિકમાં સ્થિર હોય છે એમાં કોઈ વિકલ્પ દોષ લાગ્યો હોય એને છેદીને વળી સ્થિર થાય તો એને છેદોપસ્થાપનીય કહે છે.

અહીંયાં તો આ જ રીતે અધ્યાત્મથી લીધું છે. ભગવાન છેદ-ઉપસ્થ, ઉપસ્થ. ભગવાનઆત્મા સમસ્વભાવી વીતરાગી બિંબ આત્મા છે. એને વીતરાગી સ્વભાવથી વિરુદ્ધ હિંસા, જૂઠ આદિના પરિણામ જે વિષમ છે, તેને છોડી સ્વભાવમાં આત્માને **'ઢવેઇ'** સ્થાપે છે તેને બીજું ચારિત્ર છેદોપસ્થાપનીય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? છેલ્લી ગાથાઓ છે ને! ચારિત્ર મોક્ષનું મૂળ છે ને! દર્શન-જ્ઞાન ભલે હો પણ મૂળ ચારિત્ર ઈ મોક્ષનું કારણ છે. **'चरित्त खलु धम्मो'** અને 'પંચાસ્તિકાય'માં છેલ્લે ચારિત્ર લીધું છે ને! ચારિત્રમાં થોડું બાકી રહે એટલો પરસમય બાકી છે. .... ચારિત્ર પૂરું થઈ જાય, ચારિત્રની રમણતા એ જ મોક્ષનું કારણ છે. હા. એ ચારિત્ર સમ્યગ્દર્શન વિના ન હોય એ જુદી વાત છે, પણ મોક્ષનું સાક્ષાત કારણ તો સ્વરૂપની રમણતા છે. આહાહા...! એ રમણતા સ્વરૂપના દર્શન અને જ્ઞાન વિના હોતી નથી. ભગવાનઆત્મા સમસ્વભાવી ચૈતન્ય-સૂર્ય એના દર્શન, એનું અવલોકન, એની શ્રદ્ધા ને એના જ્ઞાન વિના સ્વરૂપમાં ઠરવું એવું ચારિત્ર, રમવું એવું ચારિત્ર હોતું નથી. પણ એ ચારિત્ર તો સાક્ષાત મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

'તે બીજા ચારિત્રના ધારક છે એમ જાણે. આ ચારિત્ર જીવને પંચમગતિમાં લઈ જાય છે.' પાઠ છે ને જુઓ! **'पंचम-गइ णेइ'** પહોંચાડે છે, પંચમગતિ પહોંચાડે છે, લઈ જાય છે. ભગવાનઆત્મા સ્વરૂપની રમણતા કરતાં, ધ્રુવ સ્વરૂપ ભગવાન એમાં રમણતા કરતાં ધ્રુવ પર્યાય એવી પ્રગટ છે, ધ્રુવ એટલે છે તો પર્યાય પણ એને કૂટસ્થ તરીકે એવી ને એવી જ સ્થિરતા કાયમ રહે છે એથી એને એક ન્યાયે ધ્રુવ ને કૂટસ્થ પણ કહેવાય છે.

ધ્રુવ સ્વરૂપમાં સ્થિરતારૂપી પર્યાય પ્રગટતા કેવળજ્ઞાનને પણ એક ન્યાયે કૂટસ્થ કહ્યું છે. 'પંચાસ્તિકાય'. છે ને? અપેક્ષાથી એવું ને એવું ને એવું ને એવું છે. સ્થિરતા એવી ને એવી, એવી ને એવી સ્થિરતા રહે છે. જેમ સ્થિર પોતે બિંબ ભગવાન છે એમાં સ્થિરતાનો અંતર અભ્યાસ થતાં એ સ્થિરતા એમ ને એમ કાયમ રહી જાય છે. ભલે પલટે ભલે પણ સ્થિરતા એમ ને એમ વીતરાગતા કાયમ રહે છે તેથી તેને ધ્રુવ પણ એક ન્યાયે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!


આ અધ્યાત્મથી વાત કરી છે ને! એની સાધુની કેટલીક વાત કરી છે, ઠીક છે. એનો છેલ્લો શ્લોક 'તત્ત્વાર્થસાર'નો છે. 'જ્યાં હિંસાદિના ભેદથી પાપકર્મોનો ત્યાગ કરવો અથવા વ્રતભંગ થતાં પ્રાયશ્ચિત લઈને પછી વ્રતી થવું તે છેદોપસ્થાપના ચારિત્ર છે.' બે પ્રકારનું લીધું છે ને? બે પ્રકાર છે. 'પ્રવચનસાર'માં ચરણાનુયોગમાં બે પ્રકાર છે. સામાયિકમાંથી ભેદ પડીને પછી સ્થિર રહેવું કાં છેદ કરીને સ્થિર રહેવુંએ બે પ્રકારના છે. કહો, સમજાણું? હવે ત્રીજો શ્લોક૧૦૨. આ બહુ સાધારણ વાત છે એટલે લેતા નથી. જુઓ! પરિહારવિશુદ્ધિ ચારિત્રની વ્યાખ્યા! અધ્યાત્મની.

**(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકે...)**

## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (જાન્યુઆરી–૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી)ના અંકની સમર્પણ રાશિ સ્વ.વિપુલભાઈ એન. શાહ (હ.ઈલાબેન) તથા સ્વ.તુષારભાઈ જે. શાહ (હ. દર્શનાબેન) તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**

# શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૨૮ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું તાઃ ૨૭-૧૨-૯૭ કોઈમ્બતુરમાં થયેલ પ્રવચન



શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, પત્રાંક ૧૨૮ ચાલે છે. કોઈ માણસને માનો કે ઈન્કમટેક્ષનો પણ પ્રોબ્લેમ છે અને તેની ઑફિસમાં પણ નાના-મોટા પ્રોબ્લેમ છે. જેમકે કોઈ પગારવધારો માંગે છે, કોઈક advance ઉપાડ લેવા માંગે છે, કોઈ કામ બરાબર નથી કરતું તો કોઈક મોડા આવે છે. ત્યારે તે શેને પહેલા ઉકેલ લાવવા માટે હાથમાં લેશે? એ રીતે આપણાં જીવનમાં પ્રોબ્લેમ તો ઘણા છે પણ સૌથી મોટો પ્રોબ્લેમ શેનો છે ? મૃત્યુનો. કોઈ મરવું પસંદ નથી કરતાં, કોઈને મરવું નથી અને અહીં તો એક વખત નહીં પણ અનંત વખત મરવાની વાત સામે છે. તો સૌથી મોટો પ્રોબ્લેમ ક્યો થયો? કે અનંત મરણનો અને અનંત જન્મનો. એટલે જ્ઞાનીઓએ સૌથી મોટા પ્રોબ્લેમને પહેલાં હાથમાં લીધો છે.

આ પત્રાંક - ૧૨૮મો શું સૂચિત કરે છે? કે નાના-મોટા ઘણા પ્રોબ્લેમ છે લોકો કહે છે ને! અમારી જવાબદારી છે શું કરીએ? સંસારના પણ અનેક કાર્યોની પણ અમારી જવાબદારીઓ છે. અમે ગૃહસ્થી નિભાવીએ, ધંધો સંભાળીએ કે પછી આ ધર્મની વાત હાથમાં લઈએ? શું કરવું? કે તુલનાત્મક બુદ્ધિથી વિચાર કરવો જોઈએ કે આપણે માનો ઘરનાં પણ પ્રોબ્લેમ છે, વ્યવસાયના પણ પ્રોબ્લેમ છે અને આપણાં જન્મ-મરણનો પણ પ્રોબ્લેમ છે. હવે priority કોને આપવી? કદાચ સમજાવવાની જરૂર નથી. કેમકે જ્ઞાની સૌથી વધારે સમજદાર છે એ વાત એના ઉપરથી સિદ્ધ થશે. સંસારના બુદ્ધિમાન લોકો કરતાં પણ જ્ઞાનીની વિચાર શક્તિ - વિવેક શક્તિ અધિક છે. તે આના ઉપરથી પ્રસિદ્ધ થાય છે. કારણ કે સૌથી મોટી જન્મ-મરણની સમસ્યા તેમણે હાથમાં લીધી છે અને એ સમસ્યાનું સમાધાન/ ઉપાય પણ ગોત્યો, અને તેને અનુભવસિદ્ધ કરી પાર થયા. એટલા માટે આ જે ફરિયાદ આવે છે કે અમારા ઘરેલું જીવનનું શું ? અમારા વ્યાવસાયિક જીવન કાર્યોનું શું કરવું? જો આમાં જ અમે લાગી ગયા તો તેનું શું થશે? જ્ઞાનીઓએ એ વાતને તો બહુ જ સરળ કરી દીધી છે, જુઓ! કે આ બધું તો તમારે પ્રારબ્ધાધિન છે. તમારી અક્કલ, હોશિયારી, ચતુરાઈ એ બધું એમાં કામ કરે છે એમ માનવું તે જોખમમાં રહેવા બરાબર છે. કારણ તે બધું તમારા પ્રારબ્ધ અનુસાર થવાનું છે. અત્યાર સુધી એમ જ થયું છે. અક્કલ, હોશીયારી તો એટલી ને એટલી હતી પણ ક્યારેક ગુમાવ્યું છે તો ક્યારેક મેળવ્યું છે. તો પછી એને પ્રારબ્ધ ઉપર છોડીને કલ્યાણનો / જન્મ-મરણના નાશનો જે ઉપાય છે તેને ગ્રહણ શા માટે ન કરી લેવો? એટલા માટે top priority (સર્વોત્તમ મુખ્યતા)માં આ વિષયને રાખ્યો છે. (તેઓશ્રીની) વિચાર શક્તિ કેટલી વિશેષરૂપે કામ કરે છે એનો આ એક પુરાવો છે. એટલા માટે પત્રમાં એ વિષય લીધો છે અને આપણો જે ચાલતો વિષય છે એમાં કેટલાંક સૂત્રો લખ્યાં છે. તેમાં

બીજું સૂત્ર ચાલે છે.

**''સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.''** પહેલાં તો ધ્યાન એટલે શું ? એકાગ્રતા થવી એનું નામ ધ્યાન છે. એક વિષયમાં એટલી હદે એકાગ્ર થાય છે કે બીજા વિષય સંબંધિત વિકલ્પ પણ ન ચાલે, ચિંતા પણ ન થાય તેને ધ્યાન કહેવામાં આવે છે. ઉમાસ્વામી મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં - સૂત્રજીમાં તેનું સૂત્ર આ પ્રકારે લખ્યું છે કે 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ્', હવે ધ્યાન જે છે તે ચાર પ્રકારના હોય છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. પ્રકારાંતરે રૂપસ્થ ધ્યાન અને રૂપાતિત ધ્યાન પણ કહેવામાં આવે છે. ચારમાં બધા પ્રકાર આવી જાય છે. અલગ-અલગ દૃષ્ટિકોણથી તેનો વિચાર કરવામાં આવ્યો છે.

આર્ત્તધ્યાન તો બધાં જ સંસારી પ્રાણીઓને હોય જ છે. આર્ત્તધ્યાન એટલે શું ? શરીરની ચિંતા, સંયોગની ચિંતા, અનુકૂળતા-પ્રતિકૂળતાની ચિંતા, સમસ્ત પ્રકારના શુભાશુભ પરિણામ કે જેમાં એકાગ્રતા હોય છે તે બધા આર્તધ્યાનમાં જાય છે. આર્ત એટલે ઇચ્છા. ઇચ્છાનાં ખેંચાણને આર્ત કહે છે. ઇચ્છાથી જે પરિણામમાં ખેંચાણ થાય છે તેને આર્ત કહે છે. એ બધાયને હોય છે.

ક્યારેક ક્યારેક જીવને રૌદ્રધ્યાન થાય છે. જે બહુ જ ખરાબ ધ્યાન છે. રૌદ્રધ્યાનમાં શું થાય છે ? હિંસાનંદી, કે જે હિંસા કરીને આનંદ માને તે હિંસાનંદી છે. ચોરી કરીને આનંદ માને તે ચૌર્યાનંદી છે. એ રીતે તીવ્ર પાપના પરિણામમાં બહુ જ આનંદ અને ખુશીનો અનુભવ થાય એને રૌદ્રધ્યાન કહે છે. આર્તધ્યાનથી બહુભાગ જીવ તિર્યંચમાં જાય છે અને તિર્યંચ ગતિની સંખ્યા બહુ મોટી છે. ચારેય ગતિમાં સૌથી વધુ સંખ્યા તિર્યંચ ગતિમાં હોય છે. સૌથી ઓછી સંખ્યા મનુષ્યગતિમાં હોય છે. એનાથી વધુ સંખ્યા નરકગતિમાં હોય છે. એનાથી વધુ દેવની સંખ્યા છે. જ્યારે સૌથી વધુ તિર્યંચ છે. ત્રણેય કાળે આ પરિસ્થિતિ છે. આર્તધ્યાન તિર્યંચગતિનું કારણ છે. રૌદ્રધ્યાન તે નરકગતિનું કારણ છે.

ધર્મધ્યાન છે તે મોક્ષનું કારણ છે, જે પંચમગતિ છે. સંસારની ચારગતિને છોડીને જે લોકો મુક્તિમાં જાય છે તે ધર્મધ્યાનના ફળ સ્વરૂપે જાય છે અને ધર્મધ્યાન વિશેષ નિર્મળ હોય છે. તેની ડીગ્રી / તારતમ્યતા વધી જાય છે ત્યારે એને શુક્લધ્યાન કહેવામાં આવે છે. બન્નેની જાતિ એક છે.

પ્રશ્ન : રાગનો તીવ્ર રસ શેમાં જાય છે ?

પૂ. ભાઈશ્રી : તીવ્રરસ તો આર્તધ્યાનમાં જાય છે.

પ્રશ્ન : ધ્યાન, દરેક જીવને ચાલતું જ હોય છે ?

પૂ. ભાઈશ્રી : કોઈને કોઈ ધ્યાન તો હોય જ છે. ધ્યાન વિનાનો કોઈ જીવ નથી. ધ્યાન તો ચાલુ જ હોય છે. બહુભાગ આર્તધ્યાન ચાલુ હોય છે. મોટે ભાગે આર્તધ્યાન ચાલુ હોય છે. ધ્યાન વિના કોઈ જીવ નથી. હવે practically (અનુભવ પદ્ધતિથી) આ વિષયનો વિચાર કરીએ તો ધ્યાન શેનું થાય છે ? કે જ્યાં સુખબુદ્ધિ હોય છે, સુખનો નિશ્ચય હોય છે, ત્યાં ધ્યાન લાગી જાય છે. ભલે સુખ ત્યાં હોય કે ન હોય એ બીજી વાત છે પણ જ્યારે કોઈ એક નિશ્ચય કરવામાં આવે છે કે મારું સુખ અહીંયા છે - ત્યારે પછી તેનું ધ્યાન રહ્યા કરે છે. practically અનુભવ કરી જુઓ કે એમ થાય છે કે નથી થતું. હવે ભગવાન એમ કહે છે કે તારું સુખ તારા અત્મામાં જ છે આ જ ગ્રંથમાં ૧૦૮ નંબરનો પત્ર છે તેમાં કૃપાળુદેવે વારંવાર તે જ વાત કરી છે, કે હે જીવ! તું ભૂલીશ મા! તારું સુખ તારામાં છે, બહારમાં ક્યાંય તારું સુખ નથી અને બહાર ગોતવાથી મળશે પણ નહીં. તો એ પ્રકારે જેને પોતાનું સુખ પોતામાં દેખાય છે, તેને સ્વરૂપનું ધ્યાન, આત્માનું ધ્યાન થાય છે. આત્મામાં સુખ દેખાયા વિના આત્માનું ધ્યાન થઈ શકવાનું નથી. કોઈ કેટલાં પણ મન, વચન, કાયાથી પ્રયોગ કરી લ્યે પણ આત્મધ્યાન થવાનું નથી કારણ કે સુખ દેખાયું નથી તો ધ્યાન થશે કેવી રીતે? અને જ્યાં સુખ માન્યું છે, સુખનો નિશ્ચય કરેલો છે ત્યાં તો પરિણામ ગયા વગર રહેવાના જ નથી.

જેમકે તમે વિપશ્યના ધ્યાનની શિબિરમાં જઈને આવ્યા

પણ તમારી સુખબુદ્ધિ તો મટી નથી. સંસારનાં પદાર્થોમાંથી સુખબુદ્ધિ તો મટી નથી, અનુકૂળતામાંથી સુખબુદ્ધિ તો મટી નથી. એક અનુકૂળતામાં પાંચેય ઇન્દ્રિયના વિષયો સમાય છે. એ સુખબુદ્ધિ એવી ને એવી રહે અને તમારું આત્મામાં ધ્યાન લાગી જાય એ વાત અસંભવિત છે. ક્યારેય શક્ય નથી. કંઈક કૃત્રિમ પ્રયાસ કરીને temporary કષાય મંદ થાય છે, પરિણામની ચંચળતા મંદ થાય છે પણ તેથી કંઈ permanent solution - કાયમી ઈલાજ નથી નીકળતો.

અહીંયાં કૃપાળુદેવ એમ કહે છે કે સત્સંગમાં એ વાત સમજમાં આવે છે કે દુર્ધ્યાન શું છે, અપધ્યાન શું છે અને ધર્મધ્યાન શું ચીજ છે ? અને તે કેવી રીતે હોય છે. જ્યાં સુધી સત્સંગ દ્વારા એ વાત સમજવામાં ન આવે, અને તે પહેલાં કોઈ એમ જ આંખ બંધ કરીને પદ્માસનમાં બેસી જાય એટલે ધ્યાન લાગી જાય એવું કદી બનવાનું જ નથી. વિપશ્યનાનું તો એક દૃષ્ટાંત છે. આપણાં જૈન સંપ્રદાયમાં પણ ઘણાં લોકો ધ્યાન કરે છે. અલગ-અલગ શિબિરોમાં, સવાર-સાંજ આ ધ્યાનનો પીરિયડ રાખવામાં આવે છે પરંતુ એવી રીતે કંઈ ધ્યાન થવાનું છે નહીં. એ માત્ર સમય અને શક્તિનો દુર્વ્યય છે. વળી એટલું નુકસાન તો છે જ. બીજું તે ઉપરાંત સૌથી મોટું જે નુકસાન છે તે misconcept નું છે. અભિપ્રાયની ભૂલ છે. જે વિધિથી જે કામ કરવું જોઈએ તે વિધિથી કામ નહીં કરતાં એ વિષયમાં બીજો નિશ્ચય કરી લેવો એને પછી એમાંથી છોડાવવો બહુ જ મુશ્કેલ થઈ પડે છે. લોકો ઓઘસંજ્ઞામાં ફસાય છે અને બહુ જ વધારે વખત ઓઘસંજ્ઞામાં રહેવાથી ઓઘસંજ્ઞા એટલી બધી દૃઢ થઈ જાય છે કે સાચા પ્રયોગમાં આવવું મુશ્કેલ થઈ પડે છે અને બહુ જ કઠિન પડે છે.

એટલે જ્ઞાનીઓએ એક વાતની સૂચના કરી છે કે જુઓ કોઈ સાધના કરવામાં વહેલું-મોડું થાય એનો એટલો વાંધો નથી પણ જે કાંઈ કરવું તે યથાર્થ કરવું. ભલે થોડુંક થાય અથવા વહેલું-મોડું થાય, ઓછું થાય અને એમાં થોડો સમય વધુ લાગે એમાં એટલું મુંઝાવાની જરૂર નથી. પરંતુ જેટલું - થોડું તે કરવું પણ સાચું કરવું નહીંતર ઊલટાનો પરિશ્રમ વધી જશે.

પ્રશ્ન : આત્મામાં સુખ કેવી રીતે લાગે ?

પૂ. ભાઈશ્રી : બહુ જ સુંદર પ્રશ્ન છે કે સુખથી જીવના પરિણામ આકર્ષિત થાય છે અને સુખ આત્મામાં છે એવું જ્ઞાનીઓએ બતાવ્યું છે તો તે કેવી રીતે લાગે ? કારણ કે એ લાગવાની ચીજ છે. તો સુખ લાગે કેવી રીતે ? વાત તો બરાબર છે કારણ કે બહારમાં તો સુખ લાગે છે એટલે અમારા પરિણામ બહાર જાય છે. તમે બુદ્ધિથી સિદ્ધ કરો છો કે જુઓ ત્યાં સુખ નહોતું એટલે તમને સુખ મળ્યું નહીં. એટલે કે તૃપ્તિ થઈ નહીં. લાડવો ખાતાં-ખાતાં પણ તું થાકી ગયો. એના ઉપરથી માન્યું હતું કે મીઠાઈ ખાવામાં સુખ નથી. ઠીક છે એ તો માન્યું ! પણ આત્મામાં સુખ છે એ લાગ્યા વગર માનવું પણ કેવી રીતે? કહેવા માત્રથી કોઈ માનવાનું નથી.

આ આત્મા પાક્કો વાણિયો છે. પાક્કો વાણિયો એટલે શું? કે જેમ કોઈ વેપારી હોય એની પાસે જે ગ્રાહક આવે છે અને એમ કહે કે બહુ મોટી ખરીદી કરવી છે અને માલ તમારી પાસેથી લેવાનો છે અને થોડો નથી લેવાનો પણ અમારી ખરીદી ઘણી મોટી છે. ત્યારે વેચવાવાળાને એમ થાય છે કે પૈસા લઈને આવ્યો હશે કે પછી ઉધાર લેવાની વાત હશે ? શું વાત હશે? કારણ કે મોટી ખરીદી હોય અને ઉધાર હોય તો માલ દેવો કે ન દેવો એ વિચાર કરવો પડે. પછી માનો કે ગ્રાહક દેખાડે કે જુઓ ભાઈ હું તો hard cash લાવ્યો છું, રોકડ લઈ ને આવ્યો છું. ચેકથી લેવાની વાત પણ નથી. પછી તો શંકાને સ્થાન નથી રહેતું અને competitive rateમાં માલ વેચશે કારણ કે પૈસા જોઈ લીધા. શું જોઈ લીધું? કે પૈસા જોઈ લીધા. એ રીતે જેમ વેપારી માણસો પાક્કા હોય છે, એમ આત્મા પણ એવો જ છે. વ્યાપારનો principle(સિદ્ધાંત) જ આમાં લાગુ થાય છે.

એમ એને જો સુખ દેખાશે તો સુખની પાછળ દોડશે અને જો નહીં દેખાય તો તીર્થંકર કહેશે તો પણ નહીં

માને. તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં ઘણી વખત સાંભળ્યું કે સુખ તારા આત્મામાં છે પણ વાત ગળે નથી ઊતરી. સુખ જોશે ત્યારે માનશે. કારણ એ સુખ જોવાનો એક ઉપાય છે. પ્રશ્ન તો સુંદર છે કે કેવી રીતે આત્મામાં સુખને જોવું ? બહુ જ પ્રયોજનભૂત વાત છે. સુખનો મતલબ છે ને ! મતલબની વાત છે, પ્રયોજનની વાત છે, તો જુઓ તમારા પરિણામમાં કષાયના પરિણામ થાય છે. શુભાશુભ બન્ને કષાય છે. તેમાં આકુળતા અને દુઃખ છે અને સાથે પરિણમનમાં જ્ઞાન પણ પરિણમન કરી રહ્યું છે, કે જેમાં કષાયનો અભાવ છે. પરિણામમાં બે પ્રકાર છે. એક સકષાય પરિણામ એટલે કે શુભાશુભ અને એક અકષાય પરિણામ એટલે કે જ્ઞાન. કષાયથી ભિન્ન, શુભાશુભ પરિણામથી ભિન્ન એકલાં જ્ઞાનને જો જોવામાં આવે તો જ્ઞાન સુખરૂપ દેખાશે. જેમકે દરેક વ્યકિતનું કોઈ ને કોઈ રૂપ હોય છે અને એનાથી તે ઓળખવામાં આવે છે. શેનાથી ઓળખવામાં આવે છે ? કે એના રૂપથી ઓળખવામાં આવે છે. ઠીક છે! બધાના ચહેરા અલગ-અલગ પ્રકારનાં હોય છે એટલે બધાને અલગ-અલગ ઓળખી શકાય છે. એ રીતે જ્ઞાનનું રૂપ તે સુખ છે. જેમ રૂપમાં કુરૂપતા, સુરૂપતા, સુંદરતા, સુરૂપતા એટલે સુંદરતા હોય છે કે નહીં ? એમ આપણો આત્મા જ્ઞાનસ્વરૂપી છે. બહુ જ સુંદર છે. કેવો છે ? બહુ જ સુંદર છે. કેમ ? કે જ્ઞાનનું રૂપ સુખ છે. આપણે ક્યારેય જ્ઞાનને એનું રૂપ કેવું છે ? એ દૃષ્ટિથી – એ ઉદ્દેશ્યથી જોવાનો પ્રયાસ જ કર્યો નથી.

હવે આપણાં જ્ઞાનમાં એક ઉદ્દેશ્યને ધારણ કરી આપણાં જ્ઞાનને સ્વયં પોતાના રૂપને જોવા માટે પ્રવૃત્ત કરવામાં આવે તો જ્ઞાન અકષાયરૂપ એટલે કે સુખરૂપ માલૂમ પડશે. આ પ્રયોગનો વિષય છે. પ્રયોગ કરવો પડશે અને તે પ્રયોગ ક્યારે થઈ શકશે ? કેમકે આ ભાવભાસનની ભૂમિકા છે. તો તે પહેલાંના બધા stage પસાર કર્યા પછી ભાવભાસનના stageમાં પ્રયોગ થઈ શકે છે. ત્યારે જ્ઞાન સુખરૂપ દેખાય છે. સુખરૂપ દેખાય છે માત્ર એટલું જ નહિ પર્યાયમાં તેનું સેમ્પલ છે. એક સેમ્પલ ઉપરથી અનંતસુખની ખાણનો પત્તો લાગી જાય છે. એડ્રેસ મળી જાય છે.

જેમ જમીન વિજ્ઞાનમાં તજજ્ઞ હોય છે. શું કહે છે એને ? હા, જીઓલૉજીસ્ટ. તો સુવર્ણ પથ્થર જે આવે છે એનું તે લોકો analysis (પૃથક્કરણ) કરે છે, કે આમાં સોનાના particels કેટલાં અને માટીના particels કેટલાં ? એના ઉપરથી એને સોનાની ખાણ દેખાય છે. જો આ જગ્યાએ આવો પથ્થર નીકળે છે તો અહીંથી જરૂર અટલાં ટન સોનું નીકળશે. જ્યારે કે સોનું તો માટીની સાથે ભળેલું છે અને ખાણમાં અલગ-અલગ પરમાણુરૂપે છે તોપણ એને હજારો ટન સોનું દેખાય છે. સેમ્પલ ઉપરથી શું જોયું ? પૂરી સોનાની ખાણ જોઈ. તેવી જ રીતે એ ભૂમિકામાં આવીને માત્ર જ્ઞાનને, જે એકલા જ્ઞાનને જોવા માટે સક્ષમ થાય છે તેને અનંત સુખની ખાણ છે એમ જોવા મળે છે અને લાગવા માંડે છે. તે જ્ઞાનને જ્ઞાનવેદનથી feel કરે છે. શેનાથી ? જ્ઞાનમાં મુખ્ય બે ધર્મ છે. એક જાણવાનો અને એક અનુભવ કરવાનો – વેદન કરવાનો. જો જ્ઞાન સ્વયંનો અનુભવ કરે તો તેમાં સુખનું અને નિરાકુળતાનું વેદન થયાં વિના રહેતું નથી.

કૃપાળુદેવે પત્રાંક ૭૫૧માં ભાવભાસનની પરિભાષા આ પ્રકારે લખી છે. ‘‘**પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ**’’ અનુભવાંશે એટલે લાગવું. ભાવભાસનમાં શું થયું ? સેમ્પલ ચાખી લીધો, ને સુખ લાગ્યું. પત્રાંક – ૪૭૧ અને ૪૭૨માં પત્રમાં કૃપાળુદેવે એને ‘સુધારસ’ કહ્યું છે. બીજજ્ઞાન કહીને સુધારસ કીધેલ છે. ‘‘**વહ કેવલ કો બીજજ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાઈ દિયે**’’ ભાવભાસન એ સુખ-શાંતિનો સેમ્પલ અનુભવમાં આવે છે ત્યારે અનંત સુખની ખાણનો પત્તો લાગી જાય છે અને પરિણામ પોતાના સ્વરૂપ ભણી દોડ લગાવા માંડે છે. પછી પરિણામ ધીરે-ધીરે નથી ચાલતાં. તેથી જ જેને ભાવભાસન થાય છે તેને સ્વાનુભવ બહુ જ અલ્પકાળમાં થઈ જાય છે, વાર નથી લાગતી.

પરમ કૃપાળુદેવે શ્રી સૌભાગ્યભાઈને આ ભાવભાસનના વિષયમાં ધ્યાન ખેંચ્યું હતું પરંતુ સૌભાગ્યભાઈ કૃપાળુદેવ પ્રત્યે પ્રેમ સમાધિમાં આવી ગયા હતાં. ત્યાંથી એમની

સમાધિ છૂટતી નહોતી. શું ? સમાધિ છૂટી નહોતી શકતી. વળી કૃપાળુદેવ પોતે વચનબદ્ધ હતા. કૃપાળુદેવે promise આપેલ. વચન આપેલ કે અમે આ ભવમાં તમને આત્મજ્ઞાન પમાડીશું. અને જો અમારા નિમિત્તે અમારા હાથે એ કામ થયું તો અમે એને અમારું બહુ મોટું સૌભાગ્ય સમજશું. એ પ્રકારે લખ્યું છે છતાં પણ સૌભાગ્યભાઈ આગળ નહોતા વધતા. (પ્રેમ ભક્તિમાંથી) નીકળતાં જ નહોતા અને કૃપાળુદેવ ભાવભાસનની વાત છેડતાં હતાં પણ તેમનું ધ્યાન જતું નહોતું. પછી જ્યારે આયુષ્યના છેલ્લા દિવસો આવી ગયા ત્યારે પછી કૃપાળુદેવે ટ્રીટમેન્ટ આપી છે અને લઈ ગયા છે ઈડર. ઈડર જઈને ત્યાં એમણે બીજજ્ઞાન એટલે કે આ ભાવભાસનનો પ્રયોગ દેખાડયો છે. શું દેખાડયું છે ? પ્રયોગ દેખાડયો છે. જુઓ ! સ્વરૂપમાં અમારું ધ્યાન આ પ્રકારે લાગે છે. આ અમારા ધ્યાનની પ્રક્રિયા છે. અને આ પ્રકારે પરિણામ અંતર્મુખ થાય છે. તમે જુઓ ! ધ્યાનથી જુઓ ! અધિક ધ્યાનથી ને બારીકાઈ થી જુઓ ! તમને પણ જોવામાં આવશે. (સૌભાગ્યભાઈ)નું તો એક દૃષ્ટાંત છે. કોઈ પણને દેખાઈ શકે છે પણ જોવા માટેની યોગ્યતા હોવી જોઈએ.

એવી યોગ્યતા ભાવભાસનના stageમાં આવે છે. તે પહેલાં અવલોકનનું stage આવે છે. સતત અવલોકન થવા અર્થે પૂર્ણતાનું લક્ષ હોવું જરૂરી છે તે વિના સતત અવલોકન થઈ નથી શકતું. પૂર્ણતાનું લક્ષ ક્યારેય શુદ્ધ અંતઃકરણ વિના થઈ શકતું નથી અને પરિભ્રમણની વેદના–ચિંતના વિના અંતઃકરણની શુદ્ધિ ક્યારેય થઈ શકતી નથી. એટલા માટે આ ક્રમથી જે આગળ વધે છે તેને પોતાનું સુખ પોતાનામાં દેખાય છે. 'અનુભવાંશે' એટલે કે લાગે છે. feeling stageમાં એ અનુભવ થાય છે અને ભાવભાસન થયાં પછી તો પરિણામ દોડ લગાવશે. આ વાત સત્સંગ વિના કે પરમ સત્સંગ વિના સંભવિત નથી. એટલે તે પહેલાં જો કોઈ ધ્યાન કરે છે તો તે બધા હવાઈ કિલ્લા સમાન છે. હવાઈ કિલ્લા ! તે હવામાં ચાલે છે. એથી કાંઈ થવાનું નથી. એને તરંગ કીધાં છે. તરંગી લોકો હોય છે ને ! નવા–નવા તરંગ ઉઠાવે છે. વાસ્તવિકતાનો એમાં અભાવ છે. વાસ્તવિકતા બિલકુલ એમાં નથી.

**'સંત વિના અંતની વાતમાં, અંત પમાતો નથી.'** અંત એટલે ભવઅંત. અંત એટલે ભવભ્રમણનો અંત. એનો જે વિષય છે એનો અંત કદી સંત વિના નથી આવી શકતો. એટલે કે મૂળ વાત સમજમાં નથી આવતી. એનો અર્થ એ થાય છે કે જેણે એવો અનુભવ કર્યો છે, ભવભ્રમણના અંતના વિષયમાં જે અનુભવી છે. તે જ એ વાત બતાવી શકે છે, બીજાને એ વાતની ખબર નથી. ક્યાંથી બતાવશે ? એટલે જ્ઞાની વિના આ ભવભ્રમણના અંતની વાત સમજમાં નથી આવતી અને પ્રયોગમાં પણ નથી આવી શકતી.

**'લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી.'** લોકાગ્ર એટલે સિદ્ધાલય. લોકમાં અગ્ર એટલે સૌથી ઉપર. શું છે ? સિદ્ધશિલા. જ્યાં બધા સિદ્ધ ભગવંતો બિરાજમાન છે. આપણી જે ભૂગોળ છે એમાં ત્યાં સિદ્ધશિલા છે. જો આપણે નિર્વાણપદની પ્રાપ્તિ કરવી હોય, સિદ્ધપદની પ્રાપ્તિ કરવી હોય તો આપણે લોકસંજ્ઞાનો ત્યાગ કરવો પડશે. લોકસંજ્ઞા એટલે શું ? લોકોની દૃષ્ટિએ આપણે ચાલવું, આપણે કાર્ય કરવું. લોકોને શું લાગશે ? આમ કરશું તો લોકોને શું લાગશે ? આમ કરશું તો લોકોને–સમાજને શું લાગશે ? એ રીતે સમાજના દૃષ્ટિકોણથી જે જીવ જીવે છે તે ક્યારેય આત્મકલ્યાણ કરી શકતો નથી. કારણ કે આત્મકલ્યાણ કેવી રીતે કરવું એ સમાજનો વિષય નથી. તે એક special line છે. જેમકે કોઈને heart attack આવે તો શું તે સમાજને પૂછે છે ? કે મારે શું કરવું જોઈએ ? એ તો કાર્ડિયોલૉજીસ્ટ પાસે જશે અને એમાં પણ સારામાં સારો હશે એની પાસે જશે. તેમાં સમાજની મિટિંગ નથી બોલાવવી પડતી કે જુઓ ભાઈ ! મને અહીં છાતીમાં ક્યારેક ક્યારેક દુઃખે છે તો તમારી બધાની દૃષ્ટિએ મારે શું કરવું જોઈએ ? (એવું કરવા જાય તો) મરી જાય. કારણ કે એ તો તેના expert લોકોની special line છે.

એ રીતે આત્મકલ્યાણ કરવું એ પણ તેના હોય તેની લાઈન છે. એ સમાજનો વિષય થોડો છે ? આપણે કહીએ કે જુઓ ! અમારે ધર્મ કરવો છે પણ સમાજવાળાની નજરમાં અમારી આબરૂ એવી ને એવી રહેવી જોઈએ –તો એ પ્રકારે ક્યારેય આત્મકલ્યાણ થઈ શકતું નથી. ક્યાં સુધી આ લોકસંજ્ઞા કામ કરતી હોય છે ? કે જે ગ્રુપમાં આપણી ઓળખાણ હોય, તે ઓળખીતાઓની નજરમાં આપણું સ્થાન જે હોય તે બરાબર રહેવું જોઈએ, તે ટકી રહેવું જોઈએ – એ પણ લોકસંજ્ઞા છે. પછી ભલે એ પાંચ–પચ્ચીશ જણા હોય કે કેટલી પણ વધારે સંખ્યામાં હોય. એ લોકસંજ્ઞા છે. બીજા લોકોની નજરમાં મારો દેખાવ કેવો હશે ? એ પ્રકાર લોકસંજ્ઞા છે. દૃષ્ટાંત લેવું હોય તો બહુ જ સુંદર દૃષ્ટાંત છે. જેમકે હું અત્યારે બોલી રહ્યો છું અને તમે લોકો સાંભળી રહ્યા છો, તો તમારી સહુની નજરમાં મારી સારામાં સારી impression પડે–એવો પ્રકાર મને હોય તો તે લોકસંજ્ઞા છે. હું એટલું સરસ બોલું, એટલી સરસ વાતો કરું, અને એવી સ્ટાઈલથી બતાવું કે મારી આબરૂ વધે. ઓરેટરી હોય છેને ! વક્તૃત્વકળા–વાત કરવાની પણ કળા હોય છે. બધાયને સારુ લાગે અને બધાંયની નજરમાં દેખાવ સારો થાય–એ થઈ લોકસંજ્ઞા. જે માણસ સામાજિક પ્લૅટફૉર્મ ઉપર ઊભો હોય તેને લોકસંજ્ઞાનો chance વિશેષ હોય છે. આ પ્લૅટફૉર્મ છે. ગાદી ઉપર બેસવું એ એક પ્લૅટફૉર્મ છે. ધાર્મિક પ્લૅટફૉર્મ ઉપર રહી લોકસંજ્ઞાથી બચવું બહુ મુશ્કેલ છે, બહુ જ મુશ્કેલ છે. સમજદાર લોકો તો બેસતાં જ નથી; એમાં જ એની સમજદારી છે. ઠીક! કેટલાય સમજદાર માણસો તો બેસતાં જ નથી. કહી દે છે કે અમારે નથી બેસવું, શું ? લોકસંજ્ઞામાં આવી જશું, માટે જેની કેપેસીટી હોય અને લોકસંજ્ઞા ન આવી જાય એમ હોય તેનું અહીં બેસવાનું કામ છે, બાકી બીજાનું એમાં કામ નથી. લોકસંજ્ઞાવાળાનું આત્મકલ્યાણ ક્યારેય નથી થઈ શકતું.

કૃપાળુદેવનું આ લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી, સિદ્ધાંતિક સૂત્ર છે. બહુ જ ઊંડા અનુભવથી વાત લખી છે. એટલા સમર્થ પુરુષ હતા. બહુ જ વિશાળ capacity હતી. મહાજ્ઞાની હતાં એમ કહી શકાય. તેમ છતાં પોતાના વિષયમાં પોતે લખે છે કે અમે ઉપદેશક બનીને કોઈને ઉપદેશ નથી દેતાં કોઈ ધર્મના જિજ્ઞાસુ જીવ આવે છે તો એને દિશાસૂચન કરી દઈએ છીએ, કે ધર્મ તો આ પ્રકારે થાય છે. વળી કોઈ પાત્ર જીવ આવે છે તો એને ધર્મનું રહસ્ય (secret) જે છે તે બતાવી દઈએ છીએ. જેમકે અમે તો આ પ્રકારે પ્રાપ્ત કર્યુ છે, તમારી યોગ્યતા છે એટલે વાત બતાવી દઈએ છીએ. પુરુષાર્થ કરશો તો તમારું કામ થઈ જશે. અમે પણ ઉપદેશક થઈને આમ કરો, તેમ કરો એવું નથી કહેતાં, એવું કહેવું એ અમારું કામ નથી. કૃપાળુદેવ ક્યારેય પ્લૅટફૉર્મ પર નથી આવ્યા. સમાજના થોડાક લોકો એમની પાછળ પડી ગયેલાં તો ધર્મની વાત કરી દેતા હતા, પરંતુ એ પણ ઉપદેશક બનીને નહોતા કહેતા, બહુ જ સભાન દશામાં વાત કરતા હતા. એ રીતે તેવા જ્ઞાની બચી શકે છે કેમકે એને લોકસંજ્ઞા નથી હોતી. બાકી તો લોકસંજ્ઞામાં આવનારને ખબર જ નથી રહેતી કે પોતે લોકસંજ્ઞામાં કેવી રીતે આવી ગયો. શું કરે બિચારો? અને પોતાના આત્મકલ્યાણથી વંચિત રહી જાય છે. માટે કોઈ મુમુક્ષુએ પોતાનું આત્મકલ્યાણ કરવામાં વચ્ચે સમાજને લાવવાનો નથી અને પોતાનું આત્મકલ્યાણ થઈ જાય (સૌથી મોટી સમસ્યા જે જન્મ–મરણના નાશની છે તેનો નિવેડો થઈ જાય) એ જ કરી લેવા જેવું છે. આ ભવરોગ મટાડવામાં આપણે સમાજની વાત વચ્ચે લાવવાની ન હોય.

ખાસ કરીને હિન્દીભાષી ક્ષેત્રોમાંથી લોકો આવતાં હતાં, અમારે ત્યાં સોનગઢમાં ઘણાં લોકો આવતાં હતાં, ઘણાં આવતાં હતાં, તે લોકો એવી વાત કરતા હતાં કે શું કરીએ ? અમારે સમાજની વચ્ચે રહેવું પડે છે. અમારો સમાજ આવો છે અને અમારો સમાજ તેવો છે. આ (તત્ત્વની) વાત તો કોઈ સાંભળવા પણ તૈયાર નથી. શું કરીએ ? જેમકે શુભભાવથી ધર્મ નથી થતો એ વાત અમારા સમાજમાં કોઈ સાંભળવા પણ માંગતું નથી. ભક્તિ, પૂજા એ બધું તો હોવું જ જોઈએ. એ તો સૌથી પહેલાં હોવું

જોઈએ અને અમારે ત્યાં તો કોઈ ભગવાનનાં દર્શન કર્યા વગર મોઢે પાણી પણ અડાડતા નથી. મોઢે પાણીનો ગ્લાસ પણ ન અડાડે. શુભભાવથી ધર્મ થતો નથી એમ માનવું અને આવા સમાજની સાથે રહેવું છે, તો કેમ કરવું? પણ જો એવા સમાજની સાથે જ રહેવું હોય તો ભવભ્રમણ કરો! અને એવા સમાજની સાથે ન રહેવું હોય તો લોકાગ્રે સિદ્ધાલયમાં જાવ! ત્યાં કોઈ સમાજ નથી. ત્યાં સિદ્ધ પરમાત્માઓ છે. પોત–પોતાના ધ્યાનમાં બેઠા છે. તો હવે કોની વચ્ચે રહેવું છે? સિદ્ધોની વચ્ચે રહેવું છે કે સંસારીઓની વચ્ચે રહેવું છે? એ નિર્ણય તમારે કરવાનો રહે છે. પણ આ સમાજની વચ્ચે અમારી ઈજ્જત–આબરૂ છે એનું શું ? એમ નાક આડું આવે છે.–અરે ! તું ત્રણલોકનો નાથ છો કે જેની પાસે સમાજની ઈજ્જત–આબરૂ કાંઈ જ નથી. નીચપદમાં ઉચ્ચપદ શા માટે માને છો ? અંદરમાં તું પોતે જ પરમાત્મા છો. સૌથી મોટું પદ પરમાત્માનું છે. સમાજની ઈજ્જતવાળું પદ એટલું મોટું પદ નથી. સમાજની ઈજ્જતમાં તો તમને બહુ બહુ તો સેંકડો–હજારો લોકો જાણે છે કે તમે બહુ સારા છો, જ્યારે આ માર્ગમાં જો તમે લાયક થઈ ગયાં, પાત્ર થઈ ગયાં તો અનંત સિદ્ધ પરમાત્માના જ્ઞાનમાં આવશે કે ઠીક! આ જીવ હવે અલ્પ કાળમાં સિદ્ધ થઈ જશે. કેટલા સિદ્ધ પરમાત્મા છે? અનંત સિદ્ધ પરમાત્માના જ્ઞાનમાં માલૂમ પડશે પછી એથી વિશેષ તમારે કોની નજરમાં તમારી ઈજ્જત વધારવી છે? comparison કરી જુઓ. સેંકડો–હજારો સંસારી લોકોની વચ્ચે પોતાની ઈજ્જત રાખવી છે ? કે અનંત સિદ્ધોના જ્ઞાનમાં તમારી ઈજ્જત રાખવી છે ? કોના જ્ઞાનમાં રાખવી છે ? વિવેક કરવો રહ્યો.

કૃપાળુદેવે એટલે જ લોકસંજ્ઞાના પરિણામોને કાળકૂટ ઝેર કીધાં છે. કેવાં કીધાં છે ? કાળકૂટ ઝેર કીધાં છે. એટલે માટે કાળકૂટ ઝેર કીધાં છે કેમકે જેને લોકસંજ્ઞા હોય છે એનું પરલક્ષ નથી મટતું, એને ક્યારેય સ્વલક્ષ ઉત્પન્ન થતું નથી. અને એ પરલક્ષ સહિત ગમે તેટલાં પણ ધર્મસાધન કરી છૂટો બધા જ નિષ્ફળ જશે. બધે બધાં નિષ્ફળ જશે જરા પણ સફળતા નહીં મળે. એટલે એ પરિણામને કાળકૂટ ઝેર કીધાં છે.

૧૯૪ પત્રાંકમાં ચાર પ્રતિબંધ લીધા છે. સમાજ પ્રતિબંધ, કુટુંબ પ્રતિબંધ, શરીર પ્રતિબંધ અને સંકલ્પ–વિકલ્પ પ્રતિબંધ. એમાં સૌથી મોટો સમાજ પ્રતિબંધ લીધો છે. એ પ્રકારે કે સમાજને રાજી રાખીને કોઈ આત્મકલ્યાણ કરવા માંગે છે તો એ એને સૌથી મોટો પ્રતિબંધ આડો આવે છે. એ જ રીતે કુટુંબ પરિવારને, બધાને રાજી રાખીને પણ હું મારું આત્મકલ્યાણ કરી લઉં – એ પણ ક્યારેય બનવાનું નથી. કારણ કે એક કુટુંબમાં જેટલી વ્યક્તિ હોય બધાના વિચાર એક સરખા હોવા એ ક્યારેય સંભવિત નથી. વિચાર મેળ હોય તો ઠીક છે, પણ મેળ ન હોય તોપણ પોતાનું આત્મકલ્યાણ તો કરી જ લેવું જોઈએ. એમાં ઘણી તકલીફ થાય છે. કારણ સમાજ પ્રત્યે તો એટલો સ્નેહ નથી હોતો, જ્યારે પરિવારના સદસ્યો પ્રત્યે સ્નેહ હોય છે–પ્રેમ હોય છે. અધ્યાત્મની ભાષામાં તેને રાગ કહે છે. શું કહે છે ? રાગ કહે છે અને તેથી નાજુક પરિસ્થિતિ ઊભી થાય છે કે જેની ઉપર પ્રેમ હોય, સ્નેહ હોય એને નારાજ કેમ કરવાં ? તે માને નહીં પછી કરે શું? એ પરિસ્થિતિ મુશ્કેલી ઊભી કરવાવાળી તો જરૂર છે પણ જેને આત્મકલ્યાણ કરવું જ છે એ એમ વિચારે છે કે આ પરિવારના સભ્યો જેના પ્રત્યે મને સ્નેહ છે તે તો આ ભવ પર્યંત છે. આવો સ્નેહ તો હું અનંત કુટુંબો સાથે કરતો કરતો અહીં આવ્યો છું. અને થોડા સમય પછી આ (સ્નેહ) પણ સમાપ્ત થઈ જશે. આ પ્રકાર પણ પૂરો થઈ જવાનો છે. અત્યારે સ્નેહ છે એનો અર્થ એ નથી કે અનંતકાળ સુધી સાથે રહેશું અને અમારો સ્નેહ પણ એવો ને એવો રહેશે, એવું બનવાનું નથી. જ્યારે વાત થોડા સમય પૂરતી જ છે, સીમિત છે તો એને એટલું બધું weightage-વજન દેવું ન જોઈએ, કે આપણે આપણું આત્મકલ્યાણ કરવાનું છોડી દઈએ. એવું ન થવું જોઈએ. કંઈક adjustment કરીને રસ્તો નીકળતો હોય તો કાઢવો જોઈએ અને ન નીકળે એમ હોય તો આપણી આત્મકલ્યાણની ભાવના વધવી જોઈએ. પણ આપણી ભાવનામાં ઢીલાપણું

ન આવવું જોઈએ, તો જ આત્મકલ્યાણ થઈ શકે છે નહીંતર કુટુંબ પ્રતિબંધથી દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. આ કુટુંબ સ્નેહનું ફળ શું છે ? દુર્ગતિ છે. સુગતિ નથી.

કૃપાળુદેવનો ૫૧૦ નંબરનો પત્ર છે. કે બીજા જીવમાં પિતાપણું, પુત્રપણું કરીને આ જીવે પોતાનું '**માઠું કરવામાં કાંઈ મણા રાખી નથી.**' 'મ' નું એલીટ્રેશન કર્યુ છે. આમ બહુ normal સામાન્ય દેખાય છે. કુટુંબ પ્રેમમાં કોઈને કાંઈ પણ abnormal નથી લાગતું, કોઈ અપરાધ નથી લાગતો. normal position લાગે છે પણ તે જ દુર્ગતિનું કારણ છે. આપણે દીર્ઘદષ્ટિથી વિચાર કરવાનો છે. આ કુટુંબસ્નેહ ને કારણે જો હું દુર્ગતિમાં ચાલ્યો જઈશ, તો આ કુટુંબીઓ શું મને એ દુઃખથી છોડાવવા આવશે ? કે નહીં. આ કોઈ આવવાના નથી. મારે એકલા એ જ ભોગવવાનું છે. એ દુઃખો મારે એકલાએ જ ભોગવવા પડશે. એટલે આપણે સાવધાન થઈ જવાનું છે અને એની કોઈ એક મર્યાદા કરી લેવાની અને મર્યાદામાં ચાલવું. એક સાથે તેની ઉપેક્ષા ન કરી શકાય તોપણ એની મર્યાદા અવશ્ય કરવી અને એ મર્યાદામાં આપણો જે રસ છે, તીવ્ર રસ છે એ ફિક્કો પડી જશે. એ મર્યાદાનું પહેલું કદમ છે. એ રસ ફિક્કો પડી જવાથી આપણી પ્રવૃત્તિ સીમિત થઈ જશે. આપણા પરિણામ પણ સીમિત થઈ જશે અને આપણે દુર્ગતિનો રસ્તો છોડી મુક્તિના માર્ગે કે જે પંચમગતિ છે એ તરફ પ્રયાણ કરવા માટે તૈયાર થઈ જશું. એટલે એ વિવેક કરવાનો રહે છે કે આપણે લોકસંજ્ઞામાં પણ નથી રહેવાનું અને કુટુંબ પ્રતિબંધમાં પણ નથી રહેવાનું. પછી વાત આવશે શરીર પ્રતિબંધની. શરીરની શાતા–અશાતાને મુખ્ય કરી આપણે આત્મકલ્યાણને ગૌણ નથી કરવાનું.

'**લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે**' શું કહે છે ? લોકત્યાગમાં અસત્સંગનો ત્યાગ છે અને કુસંગનો ત્યાગ છે. જેને આત્મકલ્યાણ કરતાં ઉદાસીનતા આવી હોય છે તેને લોકોનો પરિચય રુચતો નથી. (એને લાગે છે કે) એમાં શું છે ? શું રહ્યું છે ? થોડાક લોકો ભેગા મળે અને ખાવા–પીવાની અને entertainmentની થોડી રમતો ચાલે એમાં કૃત્રિમ આનંદ લેવાથી વિશેષ શું રહ્યું છે ? એમાં શું છે ? શું રહેલું છે ? સાચો આનંદ તો ત્યાં છે જ નહીં, અને કૃત્રિમ આનંદ કેમ પ્રાપ્ત કરવો એનો પ્રયાસ ત્યાં હોય છે. લોકો એક–બીજાને વધારે મળે છે, કોઈ મિત્ર–મંડળ બનાવે છે, કોઈ કલબ બનાવે છે, તો કોઈ સોસાયટી બનાવે છે. કોઈ કાંઈક કરે છે તો કોઈ કાંઈક કરે છે એ રીતે હળવું–મળવું કરે છે. એમાં કંઈ દમ નથી. જ્યારે કે આપણું મનુષ્યજીવન ઘણું મૂલ્યવાન છે. એવા કૃત્રિમ આનંદ માટે આપણે આપણો કીમતી સમય ખોવો–બગાડવો વિવેકપૂર્ણ વાત નથી. માટે જેને આત્મકલ્યાણ કરવું છે તેને લોકત્યાગ કરવાનો ભાવ આવે છે. લોકોમાં બધા એકબીજાનો સંબંધ વધારવાનો પ્રયાસ કરતા હોય છે કે જેટલો સંબંધ વધારે તેટલું વધારે સારું. બધે contact હોવો જોઈએ. જ્યારે આ મોક્ષમાર્ગમાં ચાલવાવાળા સંબંધો કાપતા જાય છે. જે કોઈ સંબંધ હોય છે તેને કાપતા જાય છે. મારે મારું કામ (આત્મકલ્યાણ) કરવું છે, એ બધામાં મને સમય બગાડવો પોસાય તેમ નથી. તેથી પોતાનો સમય બચાવવા માટે અને પરિણામમાં દુર્ગુણ ન આવી જાય એ રીતે બચવા માટે, સદ્ગુણની પ્રાપ્તિ માટે બની શકે તેટલાં contact સંબંધો ઓછા કરવા જોઈએ.

પ્રશ્ન : બન્ને પ્રકારના સંબંધો નિભાવીએ તો કેમ ?

પૂ. ભાઈશ્રી : બન્ને બાજુના contact એકસાથે નથી રહી શકતા. સ્વરૂપમાં ધ્યાન લગાવવું હોય તો બહાર ના attachmentને detach કરવા જોઈએ ત્યારે જ કામ થશે, એ વિના નહીં થાય. માટે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે.

'**એ કાંઈ ખોટું છે ? શું?**' એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. '**પરિભ્રમણ કરાયું તે કરાયું, હવે તેના પ્રત્યાખ્યાન લઈએ તો?**' એટલે કે નિર્ણય કરવો જોઈએ કે હવે મારે પરિભ્રમણ કરવું જ નથી. એવો નિર્ધાર, દઢ નિર્ધાર કરીએ તો એના પ્રત્યાખ્યાન એ રીતે લઈ શકાય ? હા '**લઈ શકાય**' જો આપણે ધારીએ તો લઈ શકાય છે. આ કોઈ એવી અઘરી

વાત નથી કે આપણે પરિભ્રમણ મટાડવાં માટે તૈયાર ન થઈ શકીએ. એવી કોઈ વાત છે જ નહીં. જ્યારે પણ ઈચ્છીએ, આજે, અત્યારે ઈચ્છીએ તોપણ લઈ શકાય એમાં કોઈ મોટી વાત નથી. કારણ કે એમાં બહારનો તો કાંઈ ફેરફાર કરવાનો છે નહીં. ગ્રહણ–ત્યાગનો તો કોઈ વિષય છે નહીં. આપણાં પરિણામમાં, ભાવોમાં એક નિશ્ચય કરવાનો છે, નિર્ધાર કરવાનો છે, ને decision લેવાનું છે કે આ જ કરવું છે. અને બીજું કાંઈ કરવું નથી. જો એ લઈ શકાય તો **'એ પણ આશ્ચર્યકારક છે'** શું લખ્યું છે ? પરિભ્રમણ નથી જ કરવું એવો નિશ્ચય બીજા લોકો તો નથી કરી શકતાં પણ એટલું જ નહીં આ વિચારધારામાં જે લોકો આવે છે તે લોકો પણ બધા નથી કરી શકતા. એમાં પણ બહુ જ અલ્પ માત્રામાં કોઈક જીવ એવા નિર્ધારમાં આવે છે. માટે આવો નિશ્ચય કરવાવાળો પણ જો કોઈ હોય તો એને એક આશ્ચર્યની ઘટના સમજવી **'એ પણ આશ્ચર્યકારક છે'** એમ લખ્યું છે. કેમ ? કેમકે જીવ પરિભ્રમણની ચિંતનામાં આત્માની ચિંતના કરે છે અને એ રીતે આત્માની ચિંતા જ્યારે થાય છે ત્યારે પરપદાર્થની ચિંતના, શરીરની ચિંતના, ભવિષ્યની ચિંતના, વર્તમાનની ચિંતના છૂટી જાય છે અને એ ચિંતાઓ છોડ્યા વિના, અનાત્માની ચિંતા છોડ્યા વિના આત્માની ચિંતા થતી નથી. પરિભ્રમણ સંબંધિત આત્માની ચિંતા કેમ નથી થતી ? કેમકે અનાત્માની ચિંતામાં એટલે બધો રોકાયેલો છે કે એને આત્માની ચિંતા ઉત્પન્ન જ નથી થતી. જો કોઈ એ ચિંતામાં ન રોકાણો અને આત્માની ચિંતામાં આવ્યો તો તે એક આશ્ચર્યકારક ઘટના છે એમ લેવાનું છે. માટે એમ લખ્યું કે **'એ પણ આશ્ચર્યકારક છે.'**


**'અત્યારે એ જ'** એનાથી વધારે નહીં કહીએ આશ્ચર્યકારક છે એમ લખી વાતને પૂરી કરી દીધી છે. અત્યારે તો આટલી જ વાત છે. 'ફરી યોગવાઈએ મલીશુ' મળશું ત્યારે મળશું. હવે આ વાતને અહીં જ સમાપ્ત કરીએ છીએ. **'એ જ વિજ્ઞાપન'** છે. લખનાર **'વિ. રાયચંદના યથાયોગ્ય'** એમ કરી પત્ર સમાપ્ત કર્યો છે. તો આ રીતે આખા પત્રનો સારાંશ એ છે કે સૌથી મોટી સમસ્યા જે પરિભ્રમણની છે તેને અગ્રતા ક્રમમાં મુકી મુખ્ય કરી એ જ કાર્યમાં આપણે લાગવું જોઈએ. એ જ પરમ વિવેક છે નહીંતર અવિવેકથી તો તેનું ફળ પણ ભોગવવું અનિવાર્ય થઈ જશે. (પત્ર અહીં સમાપ્ત થાય છે.)

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૧મી જન્મ જયંતી આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

આત્માનુભવ સંપન્ન પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૧મી જન્મ જયંતી **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**, ભાવનગર ખાતે આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે મુંબઈ, કોલકાતા, અમદાવાદ, આગ્રા, બરોડા, સોનગઢ ઈત્યાદિ શહેરોથી મુમુક્ષુઓએ પધારીને લાભ લીધો. તા. ૧૯-૧૨-૨૦૨૩ ના રોજ જિનમંદિરથી એક ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ. જે ગામના પ્રસિદ્ધ વિસ્તારોમાંથી પસાર થઈ જિનમંદિરજીમાં સમાપ્ત થઈ.

તા. ૨૦-૧૨-૨૦૨૩ ના જન્મ જયંતી દિને બાલકુંવરના પારણાઝુલન, જન્મવધામણા, ભક્તિ તથા **'અધ્યાત્મપિપાસા'** ભાગ–૪ નું વિમોચન આદિ કાર્યક્રમો યોજાયેલ જેમાં સર્વે મુમુક્ષુઓએ આનંદોલ્લાસપૂર્વક ભાગ લીધેલ.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા
## મંગલવાણી-સીડી-૧૪-A



પ્રશ્ન :- આમ જોઈએ તો દૃષ્ટિ અપેક્ષાએ પણ આત્મા જ જોર આપે છે અને જ્ઞાન અપેક્ષાએ જાણવાનું કામ પણ આત્મા કરે છે?

ઉત્તર :- બધું આત્મા જ કરે છે. બધું કાર્ય આત્મા એક જ બધું કરે છે. એક આત્મા જ બધું કરે છે. એના ગુણો જુદાં છે. કરનાર બધું એક આત્મા જ કરે છે. એક આત્મા જ પોતે પોતાના ઉપર જોર આપે છે અને એક આત્મા જ પોતે પોતાથી બધાને જાણે છે. એક આત્મા જ પોતામાં લીનતા કરે છે. બધું એક આત્મા જ કરી રહ્યો છે. આત્મા જ પોતાના ગુણથી પોતાના અસ્તિત્વ ઉપર જોર આપે છે. આત્મા જ બધું જાણે છે. આત્મા જ લીનતા કરે છે. આત્મા જ દર્શન છે, આત્મા જ જ્ઞાન છે, આત્મા જ ચારિત્ર છે. એ આવે છે ને 'સમયસાર'માં.

પ્રશ્ન :- ...

ઉત્તર :- આત્મ પ્રત્યાખ્યાન અને ..

પ્રશ્ન :- કોઈ અપેક્ષાએ એક આત્મા જ હોવા છતાં પાછો ગુણભેદથી જોઈએ તો આટલો...

ઉત્તર :- એના કાર્યો અને એના ગુણોમાં ફેર છે. એ બધું ભેગું થાય ત્યારે જ સાધના સધાય છે. દૃષ્ટિ મુખ્ય, જ્ઞાન સાથે રહે છે અને લીનતા સાથે થાય છે. એ બધું ભેગું થાય ત્યારે મોક્ષમાર્ગ થાય છે. દૃષ્ટિની મુખ્યતા હોય ત્યાં જ્ઞાન સાથે જ હોય છે. અને મુખ્યતા એક ધ્યેય રાખીને ચાલે અને સાથે જ્ઞાન સાથે રહે છે. લીનતા એને ઠરવાનું કામ કરે છે.

પ્રશ્ન :- પહેલા પ્રશ્ન એમ આવતો હતો કે ભાઈ જ્ઞાન અપેક્ષાએ અને શ્રદ્ધા અપેક્ષાએ શું? પણ પંડિતજી .. કે બધું આત્મા, આત્મા એમ કે શ્રદ્ધા અપેક્ષાએ, પણ આત્મા શ્રદ્ધે છે, આત્મા જ જાણે છે...


ઉત્તર :- બધું આત્મા જ કરે છે. બધું કટકા શું કામ પાડો છો? બધું આત્મા જ કરે છે. દર્શન અપેક્ષાએ, જ્ઞાન અપેક્ષાએ. એટલે કાંઈ જ્ઞાન કાંઈ કાઢી નાખવાનું છે. એ કાંઈ વધારાની વસ્તુ નથી જ્ઞાન છે એ. એ દર્શન મુખ્ય છે. મુખ્યથી મોક્ષમાર્ગ સધાય પણ એની સાથે જ્ઞાન પણ એટલું જ કામ કરે છે. જ્ઞાન પણ સમ્યક્‌પણે કામ કરે છે. અને લીનતા પણ એને ઠરવાનું કામ કરે છે. મુખ્યતાની અપેક્ષાએ સમ્યગ્દર્શન અનાદિકાળથી પ્રગટ કર્યું નથી એટલે એની ઉપર જોર અપાય એની મુખ્યતા. પણ એની સાથે જ્ઞાન પણ સાથે જ રહે છે.

સમ્યગ્દર્શને ગ્રહણ કર્યું કે આ રાજા આ આત્મા જ છે. બસ એને ગ્રહણ કરો. પણ એ રાજા કેવી જાતનો છે એ બધું જ્ઞાનગુણ કામ કરે છે. આ અનંતગુણવાળો, અનંત પર્યાયો છે, એનું અસ્તિત્વ આવું જે દૃષ્ટિએ ગ્રહણ કર્યું એ તો બરાબર છે એમ પાછું જ્ઞાન કરે છે.

પ્રશ્ન :- દૃષ્ટિએ ગ્રહણ કર્યું એ બરાબર છે એ જ્ઞાન જાણે છે?

ઉત્તર :- એ જ્ઞાન જાણે છે. એ દૃષ્ટિનો નિષેધ નથી કરતું જ્ઞાન. દૃષ્ટિને ઊભી રાખીને જાણે છે. દૃષ્ટિને તોડીને જ્ઞાન જાણતું નથી.

**(શેષ આવતા અંકે.. )**



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી 'આત્મિક સુખ' સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

(આત્મિક આનંદના વિષયમાં આપે કહેલું) જ્યાં એકવાર આનંદના ઘૂંટ પી લીધા, ત્યાં તો વારંવાર તે જ ઘૂંટ પીવા માટે પોતાની તરફ આવવું પડશે. બીજી કોઈ જગ્યાએ પરિણતિને રસ જ નહિં પડે. વારંવાર પોતાની તરફ આવવાનું જ લક્ષ રહેશે. બીજો બધો રસ ઉડી જશે. (૨૧)

*

પ્રશ્ન : નિર્વિકલ્પ ઉપયોગમાં કેવો આનંદ આવે છે ?

ઉત્તર : નિર્વિકલ્પ ઉપયોગના સુખની તો શું વાત કહીએ ! પરંતુ સમજાવવા માટે (જેમ) શેરડીના રસના ઘૂંટડાં પીવાય છે, તેમ આનંદના ઘૂંટડા એક પછી એક ચાલતા જ રહે છે, તેમાંથી નીકળવાનો ભાવ જ ન આવે ! (૩૩)

*

આનંદના અનુભવમાં તો રાગથી પણ ભિન્ન ચૈતન્યગોળો છૂટો એકલો અનુભવમાં આવે છે. તેના આનંદની શું વાત કરીએ ! એ તો અંદરથી નીકળવું જ ગમે નહિ, બહારમાં આવતાં જ ભઠ્ઠી ભઠ્ઠી લાગે. (૯૧)

*

હું એવી ભૂમિ છું જ્યાંથી ક્ષણે ક્ષણે નવાં નવાં ફળ ઉત્પન્ન થતાં જ રહે છે. જેમ ભૂમિમાં ઋતુ-ઋતુ અનુસાર અનેક ફળ થતાં રહે છે તેમ, હું એવી ભૂમિ છું જ્યાંથી સુખનું ફળ ઉત્પન્ન થતું જ રહે છે. હું અમૃતરસથી જ ભરેલો છું. વળી હું એવી ભૂમિ છું જ્યાં ફળ માટે જળની પણ જરૂર નથી, કારણકે હું સ્વયં જ સુખરૂપ છું. બીજા પદાર્થોની અપેક્ષા જ નથી. (૧૮૬)

*

અહીં (સ્વરૂપમાં) દૃષ્ટિ આવતાં જ સુખનો - સ્રોતનો સ્રોત વહેવા લાગશે. (૨૭૪)


*

(નિર્વિકલ્પ દશામાં) વીજળીના કરંટની માફક અતીન્દ્રિય સુખ પ્રદેશ-પ્રદેશમાં વ્યાપીને પ્રસરી જાય છે. ...ઝણઝણાટ...! કાળ થોડો છે, પણ તેથી શું ? (કાળ થોડો હોવાથી તેની મહત્તા ઓછી નથી. નિર્વિકલ્પ આત્માના અતીન્દ્રિય આનંદની અનુભવદશાનું માહાત્મ્ય અચિંત્ય મહિમાવંત છે કેમકે એક ક્ષણાર્ધમાં અનંતભવનો નાશ થઈ જાય છે.) (૩૦૫)

*

સુખનો (અતીન્દ્રિય આનંદનો) અનુભવ થયો... પછી કોઈને પૂછવું જ પડતું નથી; બીજા 'ના' કહે તો કહે, પોતાને તો પ્રત્યક્ષ સુખ આવી રહ્યું છે ને ! (૩૪૪)

*



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

### પત્રાંક - ૩૬૩

મુંબઈ, વૈશાખ સુદ ૫, રવિ, ૧૯૪૮

હાલ તો અનુક્રમે ઉપાધિયોગ વિશેષ વર્ત્યા કરે છે.

વધારે શું લખવું ? વ્યવહારના પ્રસંગમાં ધીરજ રાખવી યોગ્ય છે. એ વાત વિસર્જન નહીં થતી હોય, એમ ધારણા રહ્યા કરે છે.

અનંતકાળ વ્યવહાર કરવામાં વ્યતીત કર્યો છે, તો તેની જંજાળમાં પરમાર્થ વિસર્જન ન કરાય એમ જ વર્તવું, એવો જેને નિશ્ચય છે, તેને તેમ હોય છે, એમ અમે જાણીએ છીએ.

વનને વિષે ઉદાસીનપણે સ્થિત એવા જે યોગીઓ - તીર્થંકરાદિક - તેનું આત્મત્વ સાંભરે છે.

*

### પત્રાંક - ૩૬૪

મુંબઈ, વૈશાખ સુદ ૯, ગુરુ, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

અત્ર સમાધિ છે. બાહ્યોપાધિ છે.

કંઈ હાલ જ્ઞાનવાર્તા લખવાનો વ્યવસાય ઓછો રાખ્યો છે, તેને પ્રકાશિત કરશો.

*

### પત્રાંક - ૩૬૫

મુંબઈ, વૈશાખ સુદ ૧૧, શનિ, ૧૯૪૮

આજે પત્તું પહોંચ્યું છે.

વ્યવસાય વિશેષ રહે છે.

'પ્રાણવિનિમય' નામનું મેસ્મેરિઝમનું પુસ્તક વાંચવામાં આગળ આવી ગયું છે; એમાં જણાવેલી વાત કંઈ મોટી આશ્ચર્યકારક નથી; તથાપિ એમાં કેટલીક વાત અનુભવ કરતાં અનુમાનથી લખી છે. તેમાં કેટલીક અસંભવિતતા છે.

જેને આત્મત્વ પ્રત્યે ધ્યેયતા નથી, એને એ વાત ઉપયોગી છે; અમને તો તે પ્રત્યે કંઈ લક્ષ આપી સમજાવવાની ઈચ્છા થતી નથી, અર્થાત્ ચિત્ત એવા વિષયને ઈચ્છતું નથી.

અત્ર સમાધિ છે. બાહ્ય પ્રતિબદ્ધતા વર્તે છે.

સત્સ્વરૂપપૂર્વક નમસ્કાર.

*


# શ્રી કુંદકુંદઆચાર્યદેવની તપોભૂમિ – પોન્નુર હિલ

સમયસાર જેવી રચના જે કુંદકુંદઆચાર્યે કરી એ રચના ઉપરથી એમની મહાનતાના દર્શન થાય છે, એમની સ્વભાવદષ્ટિના દર્શન થાય છે. અને સ્વભાવદષ્ટિ હતી એટલું જ નહિ પણ સ્વભાવદષ્ટિની અભિવ્યક્તિ એમણે શબ્દોમાં – ગ્રંથમાં ઉતારી. **fantastic** કામ કર્યું છે. બહુ સામર્થ્ય હતું ત્યારે એવું લખ્યું છે. એમના સામર્થ્યને જોઈને એમની મહાનતાને જોઈ છે લોકોએ.

એક સમર્થ આચાર્ય થયા, દિગંબર આચાર્યોની પરંપરામાં કુંદકુંદઆચાર્ય બહુ સમર્થ આચાર્ય થયા, એ એમની રચના ઉપરથી ખબર પડી. આજે પણ, સેંકડો હજારો વર્ષ પછી પણ... કે જેમના વચનોને આધારભૂત –**authentic** ગણી શકાય. એમ! કુંદકુંદઆચાર્યનું વચન છે? (તો તો) વાત પૂરી થઈ જાય છે.. ખલાસ! એવા **authentic** વક્તા છે એ. ગુરુદેવ તો સમયસાર ઉપર આફરીન થઈ જતા, કુંદકુંદઆચાર્યની જે સ્વભાવ દેખાડવાની શૈલી, સ્વભાવદષ્ટિની અભિવ્યક્તિ જબરજસ્ત છે!!

–પૂજ્ય ભાઈશ્રીના હૃદયોદ્ગાર

('શ્રીમદ્ રાજચંદ્ર' પરના પ્રવચન નં ૬૬૯)

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્‌પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition :
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041